રાજભવન, ગાંધીનગર
તા. ૦૪/૦૯/૨૦૧૫

## નવી પેઢીના ઘડતરમાં શિક્ષકો એ પાયાની ભૂમિકા નિભાવવાની છે

**– રાજ્યપાલશ્રી**

### શિક્ષક દિન પર સંદેશ

---

ગુજરાતના રાજ્યપાલ શ્રી ઓ. પી. કોહલીએ જણાવ્યું છે કે મહાન વિદ્વાન, તત્વચિંતક અને પ્રખર શિક્ષણશાસ્ત્રી તથા ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન્ના જન્મદિન–૫મી સપ્ટેમ્બરને 'શિક્ષક દિન' તરીકે ઉજવવામાં આવે છે. તેમણે જણાવ્યું છે કે આપણી નવી પેઢીના જીવન ઘડતરમાં શિક્ષકોએ પાયાની ભૂમિકા નિભાવવાની છે.

રાજ્યપાલશ્રીએ કહ્યું કે શિક્ષકો જ્ઞાનનો ભંડાર છે. તેમના જીવનના આદર્શો વિદ્યાર્થીઓ માટે ઉદાહરણ છે, જે તેમને શિસ્ત, પ્રમાણિકતા અને નૈતિક મૂલ્યોને જીવનમાં આત્મસાત્ કરવાની પ્રેરણા આપે છે. તેમણે જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓએ શિક્ષકનું હંમેશા આદર–સન્માન કરવું જોઈએ અને તેમના ચિંધેલા માર્ગ પર આગળ વધી દેશ અને સમાજની ઉન્નીત માટે સમર્પિત થઈ પોતાનું કર્તવ્ય નિભાવવું જોઈએ.

---

પ્રેસ સચિવ

રાજભવન, ગાંધીનગર
તા. ૦૫/૦૯/૨૦૧૫

**શિક્ષક દિવસ નિમિત્તે શિક્ષક કલ્યાણ નિધિમાં ફાળો આપતા રાજયપાલશ્રી**

---

ગુજરાતના રાજયપાલ શ્રી ઓ. પી. કોહલીએ આજે રાજભવનમાં 'શિક્ષક દિવસ' નિમિત્તે ફાળો આપી શિક્ષક કલ્યાણ નિધિમાં ફાળો એકત્ર કરવાની ઝુંબેશનો પ્રારંભ કરાવ્યો હતો. તેમણે રાજયના સૌ નાગરિકોને ઉદાર હાથે ફાળો  આપવા હાર્દિક અનુરોધ કર્યો હતો.

આ પ્રસંગે જિલ્લા કલેકટર શ્રી રવિશંકર, જિલ્લા પોલીસ વડા શ્રી વિરેન્દ્રસિંહ યાદવ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી કે. એમ. ભીમજીયાણી, ગાંધીનગર જિલ્લા શિક્ષણાધિકારી શ્રી એસ. એમ. બારડ, શિક્ષકો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહયા હતા.

---

પ્રેસ સચિવ